॥ શ્રી ચિંતામણિ-શંખેશ્વર-આશાપૂરણ પાર્શ્વનાથાય નમઃ ॥

પુસ્તક ૫૩

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સં-૨૦૭૬, ભાદરવા સુદ-૫

જિનશાસનના અણગાર, શાસનના શણગાર, સંયમી, વિદ્વાન જ્ઞાની ગુરૂભગવંતોના ચરણોમાં ચરણસેવક શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાના કોટિ કોટિ વંદન...

જિનાજ્ઞાસમાધારક પંડિતવર્યશ્રી / શ્રુતભક્ત શ્રાવક આદિને પ્રણામ.

## -: અપૂર્વ પર્યુષણ :-

કદી ન'તા થયા એવા પર્યુષણ, ન સામૂહિક પ્રવચન, ન સામૂહિક પ્રતિક્રમણ, છતાં જે ગુરુભગવંતોએ/સંસ્થાઓએ પ્રવચન તથા પ્રતિક્રમણના પુસ્તકો પૂરા પાડ્યા તેમણે આરાધનાનું ઘણું બળ પુરું પાડ્યું. ઘણા આરાધકોએ અમારી પાસેથી પ્રવચન/પ્રતિક્રમણના પૂર્વ પ્રકાશિત પુસ્તકોની PDF ફાઇલો માંગી તેની પ્રિન્ટ્સ કાઢીને પણ આરાધના કરી. તે સહુની ખૂબ અનુમોદના થાય છે. વ્યાખ્યાનોના વાંચનથી કર્તવ્યાદિનો સ્પષ્ટ બોધ થયો એવો ઘણાનો અનુભવ રહ્યો. પ્રભુના ચરિત્રોના વાંચન દ્વારા પ્રભુની વધુ સમીપ જવાની પ્રતિતિ થઇ.

## -: ટીપ અને ચડાવા :-

આ વર્ષે ભલે કોરોનાને કારણે સંઘના બોર્ડ, મેસેજ વગેરે દ્વારા ટીપ/ચડાવા થયા. દર વર્ષે પણ જો આવો વિકલ્પ અપનાવવામાં આવે તો જિનવાણીનો પ્રસાર સારો થાય. વ્યાખ્યાનનો ઘણો કિંમતી સમય બચી જાય. આ અંગે 'સ્વપ્ન જિનશાસન'ના બે ચેપ્ટર (૮) સ્વપ્ન પર્વાધિરાજ અને (૯) કાલે કાલં સમાચરે ખાસ દરેક સંઘાગ્રણીએ વાંચવા જેવા છે.

## -: ઓન લાઇન :-

પ્રવચનમાં આ માધ્યમથી ખુશ થવું કે દુઃખી થવું એવી અવઢવ અનુભવાય છે. અતિ વિશિષ્ટ એવા બે/ત્રણ પ્રવચનકારોને બાદ કરતા કોઇ પણ વ્યાખ્યાન લાઇવ જોનારની સંખ્યા ૧૦૦ થી ૨૦૦ જેટલી દેખાય છે. કેટલાકમાં ૧૦૦ થી ઓછી પણ સંખ્યા છે. એક વખત Hit Link ખોલનાર પણ માંડ ૫૦૦ -૧૦૦૦ વચ્ચે જોવા મળ્યા. આના ઉપરથી તે તે પ્રવચનકારને સીરીયસલી સાંભલનારા કેટલા હશે તેનો અંદાજ આવી શકે છે. આની સામે જો સોશિયલ ડિસ્ટન્સ સાથે પ્રવચન હોલમાં સંઘ સમક્ષ વ્યાખ્યાન થાય તો મર્યાદા પણ સચવાય અને ખરેખર સંઘ પર ઉપકાર પણ થઇ શકે.

" दासोऽहं सर्व साधूनाम् "

અનુ. પાન નં. ૭ ઉપર

# સંવત ૨૦૭૬ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | યસ આઇ કેન (૩૫૦) | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨ | યાત્રા, તીર્થ થી તત્ત્વ તરફ (૩૫૨) | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૩ | યશોગાથા નંદવંશ કી | આ.રત્નાકરસૂરિજી | હિ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૪ | બારસા સૂત્રના ઢાળીયા | આ.રત્નસંચયસૂરિજી | ગુજ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૫ | પાપ પતિઘાત ગુણબીજા ધાન સૂત્ર | આ.રત્નસંચયસૂરિજી | હિ. | રંજનવિજયજી પુસ્તકાલય |
| ૬ | ત્રિકાલ દેવવંદન (વિધિ સહ) | આ.રત્નસંચયસૂરિજી | હિ. | પારસગંગા જ્ઞાનભંડાર |
| ૭ | ષટ્દર્શન સમુચ્ચય-૧ | પૂ.સંયમકીર્તિવિજયજી | સં./ગુજ. | સમ્યગ્ જ્ઞાન પ્રસારક સમિતિ |
| ૮ | ષટ્દર્શન સમુચ્ચય-૨ | પૂ.સંયમકીર્તિવિજયજી | સં./ગુજ. | સમ્યગ્ જ્ઞાન પ્રસારક સમિતિ |
| ૯ | યોગવિંશિકા પ્રકરણમ્ | પૂ.સંયમકીર્તિવિજયજી | સં./ગુજ. | સમ્યગ્ જ્ઞાન પ્રસારક સમિતિ |
| ૧૦ | બૃહત્ સંગ્રહણી સૂત્ર | શ્રુતોપાસક | સં./હિ. | આશાપૂરણ પાર્શ્વનાથ જ્ઞાનભંડાર |
| ૧૧ | લઘુ ક્ષેત્ર સમાસ | શ્રુતોપાસક | સં./હિ. | આશાપૂરણ પાર્શ્વનાથ જ્ઞાનભંડાર |
| ૧૨ | બૃહત્ ક્ષેત્ર સમાસ | શ્રુતોપાસક | સં./હિ. | આશાપૂરણ પાર્શ્વનાથ જ્ઞાનભંડાર |
| ૧૩ | યોગશાસ્ત્ર | શ્રુતોપાસક | સં./હિ. | આશાપૂરણ પાર્શ્વનાથ જ્ઞાનભંડાર |
| ૧૪ | ગણધર યુગપ્રધાન દેવવંદન | આ.ચંદ્રભૂષણસૂરિજી | હિ. | પરમ શ્રધ્ધેય પ્રકાશન |
| ૧૫ | જ્ઞાનાષ્ટકમ્ | પૂ.ગુણહંસવિજયજી | સં./હિ./ગુ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૬ | સ્થિરતાષ્ટકમ્ | પૂ.ગુણહંસવિજયજી | સં./હિ./ગુ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૭ | મોહત્યાગાષ્ટકમ્ | પૂ.ગુણહંસવિજયજી | સં./હિ./ગુ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૮ | આલોચના વિધિ | પૂ.ગુણહંસવિજયજી | ગુજ. | કમલ પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૯ | હસ્તાક્ષરનું અક્ષયપાત્ર | ભારતી દિપક મહેતા | ગુજ. | શ્રી ભદ્રંકર જ્ઞાનદિપક ચેરી.ટ્રસ્ટ |
| ૨૦ | શ્રી અભય વાચના | પૂ.મતિચંદ્રસાગરજી | ગુજ. | ગોવાલિયા ટેંક સંઘ |
| ૨૧ | મેં દિલ ભરીને માણ્યા છે. | સા.સંવેગનિધિશ્રીજી | સં./ગુજ. | પ્રેમનિધાન ટ્રસ્ટ |
| ૨૨ | મરણ સમાધિ પ્રકીર્ણક | અરૂણા મુકુંદકુમાર લહ્રા | પ્રા./સં./ગુ. | મુકુંદકુમાર શાંતિલાલ લહ્રા |
| ૨૩ | વીશસ્થાનક તપ આરાધના વિધિ | પૂ.વિનયભૂષણવિજયજી | હિ. | પરમ શ્રધ્ધેય પ્રકાશન |
| ૨૪ | યાદશક્તિ બઢાને કે ઉપાય | ગણિ રમ્યદર્શનવિજયજી | હિ. | અર્હ.રામચંદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨૫ | શ્રીપાલ રાજા રાસ | આ.રત્નસુંદરસૂરિજી | ગુજ. | રત્નત્રયી ટ્રસ્ટ |
| ૨૬ | અહો ! જિનશાસનમ્ | પૂ.ભવ્યસુંદરવિજયજી | ગુજ. | શ્રમણો પાસક પરિવાર |
| ૨૭ | પર્યુષણ આરાધના સંપૂટ | આ.કીર્તિયશસૂરિજી | ગુજ. | સન્માર્ગ પ્રકાશન |
| ૨૮ | પર્યુષણ આરાધના સંપૂટ | આ.કીર્તિયશસૂરિજી | હિ. | સન્માર્ગ પ્રકાશન |
| ૨૯ | પ્લેટીનમ પર્યુષણ ભાગ ૧ થી ૮ | આ.મુક્તિવલ્લભસૂરિજી | ગુજ. | સમસ્ત જૈન શ્વે.મૂ.પૂ.સંઘ |
| ૩૦ | આત્મ નિર્ભર શ્રાવક | આ.અજિતશેખરસૂરિજી | ગુજ. | અર્હમ આરાધક ટ્રસ્ટ |
| ૩૧ | પર્યુષણ પ્રવચન | આ.રત્નચંદ્રસૂરિજી | ગુજ. | રત્નોદય ચેરિટેબલ ટ્રસ્ટ |

# સરસ્વતી પુત્રોને વંદના

પં. શ્રી રત્નબોધિ વિજયજી મ.સા.ના શિષ્ય મુનિ શ્રી આગમપ્રેમવિજયજી મ.સા. કૃત નીચેના ગ્રંથો સંબંધી શુદ્ધિ અને સંસ્કૃત/ગુજરાતી ટિપ્પણ મળશે.

(૧) શ્રી દશવૈકાલિકસૂત્ર (શ્રી અગત્સ્યસિંહ.ચૂર્ણિ - હારિભદ્રી ટીકાના આધારે)

(૨) શ્રી પિંડનિર્યુક્તિ (મુદ્રિત ૩ ટીકાના આધારે)

(૩) શ્રી યોગદષ્ટિસમુચ્ચય (૪) શ્રી યોગબિંદુ (૫) શ્રી ઉપદેશમાલા

(૬) શ્રી પંચાશક પ્રકરણ (૭) શ્રી જ્ઞાન મંજરી (૮) આવશ્યકનિર્યુક્તિ,

(૯) આવશ્યકચૂર્ણિ, (હારિભદ્ર-મલયગિરિ ટીકા વગેરેના આધારે)

ટિપ્પણમાં મુખ્યતાએ તુલનાત્મક નોંધ, વિશિષ્ટ નોંધ, વિચારણીય બાબતોની નોંધ વગેરે છે. ગ્રંથ સંપાદન વગેરેમાં ઉપયોગ કરવો હોય તો અમને જાણ કરતા મોકલી આપવામાં આવશે.

---

**નૂતન પ્રકાશન :-** અમારા જ્ઞાનભંડારને ભેટમાં મળેલ નૂતન પ્રકાશિત બધા જ પુસ્તકોની વિગત આ વિભાગમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. ભૂલ થી કોઇ પુસ્તકની વિગત બાકી રહી ગઇ હોય તો તે માટે અમોને જાણ કરશો, જેથી આગામી અંકમાં પ્રકાશિત કરીશું. આ બધા જ પુસ્તકો અભ્યાસ માટે અમારા જ્ઞાનભંડારમાંથી મળી શકશે. કાયમી વસાવવા માટે જે તે પ્રકાશકનો સંપર્ક કરવા વિનંતી છે. પુસ્તક પ્રકાશનના સરનામાની જરૂર હોય તો અમોને મેસેજ કરવાથી મોકલવામાં આવશે.

---

પૂજ્ય ગુરુભગવંતોને નમ્ર વિનંતી કે આપના દ્વારા કોઇપણ શાસ્ત્રગ્રંથોનું કાર્ય થઇ રહ્યું હોય તો લેખિત જાણ કરવા વિનંતી છે જેથી પુનરાવર્તન ન થાય,

---

અહો શ્રુતજ્ઞાનમ્-૫૦ મો અંક સુવર્ણ અંક શ્રુત વિશેષાંક સાઇઠ પૂજ્ય ગુરુભગવંતો અને વિદ્વાનોના દ્વારા સમૃદ્ધ ગત વર્ષે પોસ્ટ થી બધા જ ગુરુભગવંતોને મોકલ્યો હતો અને તેનો ખૂબ જ ઉત્તમ પ્રતિભાવ મળ્યો હતો. તે અંક કોઇપણ ગુરુભગવંતને ન મળ્યો હોય અને જરૂર હોય તો લેખિત સમાચાર આપશોજી. આ વર્ષે પ્રકાશિત અહો શ્રુતજ્ઞાનમ્ અંક-૫૧,૫૨, પારિષ્ઠાપનિકા પુસ્તક, અહો ! શ્રુતમ્ સ્વાધ્યાય સંગ્રહની નૂતન પ્રકાશિત ચાર પુસ્તકો (બૃહત્ સંગ્રહણી, લઘુક્ષેત્ર સમાસ, બૃહત્ક્ષેત્ર સમાસ, યોગ શાસ્ત્ર ગાથા તેમજ હિન્દીમાં ગાથાર્થ ) પોસ્ટ દ્વારા મોકલવામાં આવ્યા છે.આપને જરૂર હોય તો કાયમી સંગ્રહમાં રાખશો, આપને જરૂર ન હોય તો જિજ્ઞાસુ શ્રાવકો તથા નજીકના જ્ઞાનભંડારમાં આપશો અથવા અમોને પરત પણ મોકલી શકાશે. ઉપર પૈકી કોઇપણ પુસ્તકની વધારે નકલની જરૂર હોય તો પત્ર કે મેસેજ કરવાથી મોકલવામાં આવશે.

## સ્વાધ્યાય માટે કરવા યોગ્ય

અહો શ્રુતજ્ઞાનમ્ અંક-૫૧ માં પૂર્વાચાર્યો દ્વારા બનાવેલ પ્રકરણ ગ્રંથો કે જે મૂળ સ્વરૂપે પ્રકાશિત છે પરંતુ તેના ગુજરાતી અર્થ વિવેચન કે ભાવાનુવાદ પ્રકાશિત નથી તે કાર્ય કરવા માટે સૂચન કરેલ હતું. પૂ.આ.શ્રી કૈલાસસાગરસૂરિજી જ્ઞાનમંદિર - કોબાના સહયોગથી ભાષાંતર વિવેચન કરવા યોગ્ય સંસ્કૃત ગ્રંથોની યાદી અહીં રજુ કરી છે. જે પણ પૂજ્યો આનું કાર્ય શરૂ કરે તે અમને જાણ કરે જેથી પુનરાવર્તન ન થાય

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | શ્લોક |
|---|---|---|---|---|
| ૧ | જલ્પ કલ્પલતા | રત્નમંડન | સં. | ૬૬ |
| ૨ | અધ્યાત્મબિંદુ દ્વાત્રિંશિકા | ઉપા. હર્ષવર્ધન | સં. | ૧૨૮ |
| ૩ | અન્યોક્તિ શતક | દર્શનવિજયજી | સં. | ૧૦૫ |
| ૪ | આદિજિન શતક | હેમવિજયજી | સં. | ૧૦૫ |
| ૫ | ઉપદેશ પ્રદીપ | મુક્તિવિમલજી | સં. | ૩૭૨ |
| ૬ | ઉપદેશ શતક | વિબુધવિમલસૂરિજી | સં. | ૧૦૯ |
| ૭ | ગુરુતત્વ પ્રદીપ | અજ્ઞાત જૈન શ્રમણ | સં. | ૨૪૧ |
| ૮ | જૈન વિહાર શતક | અજ્ઞાત | સં. | ૧૦૨ |
| ૯ | તત્ત્વબોધ તરંગિણી | મુક્તિ વિમલ | સં. | ૧૭૧ |
| ૧૦ | દાન ષટ્ત્રિંશિકા | રાજશેખરસૂરિજી | સં. | ૩૬ |
| ૧૧ | દૃષ્ટાંત શતક | અજ્ઞાત | સં. | ૧૦૦ |
| ૧૨ | દ્વાદશ ભાવના | શાંબ મુનિ | સં. | ૪૪ |
| ૧૩ | દ્વાદશ ભાવના | અજ્ઞાત | સં. | ૧૩૩ |
| ૧૪ | ધર્મશિક્ષા પ્રકરણ | જિનવલ્લભસૂરિજી | સં. | ૪૦ |
| ૧૫ | ધર્મારાધના શિક્ષા | ભાવદેવસૂરિજી | સં. | ૫૧ |
| ૧૬ | નીતિધન શતક | ધનદરાજ કવિ | સં. | ૧૦૩ |
| ૧૭ | પ્રકૃતિ વિચ્છેદ પ્રકરણ | જયતિલકસૂરિજી | સં. | ૧૩૯ |
| ૧૮ | પ્રકૃતિ સ્વરૂપ - સંરુપણ પ્રકરણ | જયતિલકસૂરિજી | સં. | ૧૮૧ |
| ૧૯ | બંધ હેતુ ભંગ પ્રકરણ | યશોવિજયજી | સં. | ૨૯ + ૪૩ |
| ૨૦ | મોક્ષોપદેશ પંચાશક | મુનિચંદ્રસૂરિજી | સં. | ૫૧ |
| ૨૧ | વૈરાગ્ય ધનદ શતક | ધનદરાજ કવિ | સં. | ૧૦૮ |
| ૨૨ | સ્યાદવાદ કલિકા | રાજ શેખરસૂરિ | સં. | ૪૦ |
| ૨૩ | ચિત્ત શુધ્ધિ ફલ | ઉમાસ્વાતિજી | સં. | ૨૧ |
| ૨૪ | ધર્માષ્ટક | લક્ષ્મીચંદ્ર | સં. | ૨૪ |
| ૨૫ | યાત્રા સ્તવ | જિનેશ્વરસૂરિજી | સં. | ૨૯ |
| ૨૬ | ષટદર્શન વિચાર | અજ્ઞાત જૈન શ્રમણ | સં. | ૬૬ |
| ૨૭ | સમવસરણ વિચાર સ્તવ | અજ્ઞાત જૈન શ્રમણ | સં. | ૩૪ |
| ૨૮ | સૂક્ત રત્નાવલિ | ક્ષમાકલ્યાણ વિજયજી | સં. | ૧૦૮ |
| ૨૯ | સૂક્ષ્માર્થ સંગ્રહ પ્રકરણ | જયતિલકસૂરિજી | સં. | ૨૦૨ |

# શ્રુત સેવા - સ્પેશિયલ કોન્સેપ્ટ

- પ્રિયમ્

પૂર્વાચાર્યોએ અદ્ભુત ગ્રંથોની રચના કરી. છેલ્લા કેટલાક દાયકાઓમાં થયેલા કારુણિક મહાપુરુષોએ ઘણા ગ્રંથોના ગુજરાતી અનુવાદો પણ કર્યા. છતાં જ તે સમયે તે અનુવાદો પણ અઘરા પડવા લાગ્યા. ને જેમ સંસ્કૃત / પ્રાકૃત ન સમજાય, તેમ તે અનુવાદો પણ ન સમજાય એવી સ્થિતિ થઇ. કંઇક સમજાય તો ય તેમાં રસ ન પડે, એવું પણ મહદઅંશે અનુભવાવા લાગ્યું. આ સ્થિતિમાં તે અનુવાદોનો પણ અનુવાદ કરવાની જરૂર વર્તાય છે, જેમકે...

પછી કંઇક ઉપશાંત થયો છે રોષ જેનો, એવું તે વાછરડું ઘાસ વિ. ખાય છે.

આ વાક્યનો આધુનિક અનુવાદ આવો થવો જોઇએ

પછી એ વાછરડાનો ગુસ્સો ઓછો થયો. હવે એ ઘાસ વગેરે ખાય છે.

બસ, જે આટલો અનુવાદ કરી શકે તે વર્તમાનયુગમાં અત્યંત વિશિષ્ટ શ્રુતસેવા કરી શકે છે. પૂ.ભદ્રગુપ્તસૂરિજી મ.સા.એ સમરાઇચ્ચ-કહાનો સરળ, પ્રવાહી, સરસ અનુવાદ કર્યો તો આજે હજારો હજારોને ખૂબ લાભદાયી બની રહ્યો છે, આપણે પણ તેવી શ્રુતસેવા કરવાનો પ્રયાસ કરીએ.

## -: TIPS :-

- ભાવાનુવાદ કરવો, શબ્દાનુવાદ નહીં.
- કૃત્રિમતા ન રાખવી.
- આપણે શું બોલીએ ? કઇ રીતે વાત કરીએ ? એ વિચારીને લખવું.
- લાંબા વાક્યોના બે / ત્રણ / ચાર વગેરે ભાગ કરી દેવા.
- ક્લિષ્ટ શબ્દો બિલકુલ ન રાખવા.
- અર્થાત્ કરીને જેને સ્પષ્ટ કરવો પડે એવો શબ્દ ન લખવો. સીધો અને સરળાર્થ લખવો.
- જરૂર મુજબ શબ્દો ઉમેરવા કે ઓછા કરવા.
- શૃંગારાત્મક પદાર્થોનો અનુવાદ ન કરવો.
- પૂર્વાચાર્યોએ સંસ્કૃત-પ્રાકૃતમાં રસાળ રચના કરેલ, આપણે ગુજરાતીમાં પણ રસાળતા આવે એવો જ અનુવાદ કરીએ, તો ગ્રંથને ન્યાય આપ્યો કહેવાય.
- તદ્દન બાળજીવ હોય એને પણ અવશ્ય ઉપકારક બને, એ ગ્રંથ પૂરો ન થાય ત્યાં સુધી હાથમાંથી મુકે નહીં, એવો અનુવાદ કરવો એ શાસ્ત્રની, શાસ્ત્રકારની અને શાસનની બહુ મોટી ભક્તિ છે.
- આજે તત્ત્વની ભૂખ ખૂબ ઉઘડી છે. ભાવે અને પચે એ રીતે આપવાની જરૂર છે.

# શાસન અપભ્રાજના

- શાહ બાબુલાલ સરેમલજી

## -: લોકડાઉન - સ્વાધ્યાય :-

મારા માટે આ લોકડાઉન લાભદાયી બન્યા, કારણ કે રોજ સામાયિક કરીને પ્રકરણ ગ્રંથોનો અભ્યાસ કરવો શક્ય બન્યો. પરિણામે પાંચ મહિનામાં કુલ પ્રાયઃ ૬૦ પ્રકરણોની ૯૬૦૦ ગાથાઓનો ભાવાનુનાદ અભ્યાસ થઇ શક્યો. આચાર-અધ્યાત્મ-તત્ત્વજ્ઞાન વગેરે વિષયોના પૂર્વાચાર્યોકૃત પ્રકરણોના અભ્યાસમાં એક ખાસ વાત હું સમજી શક્યો કે ઉત્સૂત્ર પ્રરૂપણા એ સૌથી મોટું પાપ છે. જેના લીધે સમ્યકત્વ પામ્યા પછી પણ પ્રભુ વીરે ઘણું ભવભ્રમણ કરવું પડ્યું. આ અભ્યાસથી એવું પણ જાણવા મળ્યું કે શાસન અપભ્રાજના એ પણ ઉત્કૃષ્ટ પાપ છે.

## -: જ્વલંત ઉદાહરણો :-

કપટ થી મહાત્માને મંદિરમાં સ્ત્રી સાથે પૂરી દેવાતા તેમણે સંયમધર્મનો વેષ સળગાવી તેની રાખ શરીર પર ચોળી દીધી જેથી જિનશાસનની આબરુ બચી ગઇ.

કઠિયારાએ દીક્ષા લીધી તે મુદ્દે શાસનનિંદા થતા અભયકુમારે જૈન સાધુ જેવું જીવન જીવે તેને અઢળક સંપત્તિ આપવાની જાહેરાત કરી લોકોને કાન પકડાવ્યા.

## -: કોની શોભા સાચવવી ? :-

આપણો શ્રમણ પ્રધાન જૈન સંઘ છે.શ્વેતામ્બર મૂર્તિપૂજકમાં હાલ ૩૦ સમુદાયો અને ૨૯૨ આચાર્યો છે, તેઓ ધારે તો બધું જ કરી શકે તેમ છે. સમુદાયની શોભા વધુ મહત્ત્વની કે શાસનની ? એ પ્રશ્ન ખૂબ જ પ્રસ્તુત છે. મારૂં શાસન, મારા પ્રભુનું શાસન આ ભાવ જાગે, શાસનદાઝ પ્રગટે અને સમુદાયમોહ ટળે તો સગાવાદ, મિત્રવાદ, સમુદાયવાદ હેઠળ છાવરવાની પ્રવૃત્તિ ન થાય અને શાસનહીલના ટળે. સમુદાયની ચિંતા અનેકોને થાય છે, પણ જિનશાસનની પ્રભુ મહાવીરની પરંપરાની અપભ્રાજનાની ચિંતા કોણ કરશે ? આપણે ત્યાં ૩૦૦૦ સંઘો છે, તેઓ પણ પોતપોતાના સ્થાનમાં વિશિષ્ટ મર્યાદા પાળવાનો આગ્રહ રાખી શકે છે.

## -: યાદ આવે ક્રિયોદ્ધાર :-

પં.શ્રી સત્યવિજયજી એ ૩૦૦ વર્ષ પૂર્વે ક્રિયોદ્ધાર કર્યો, પહેલા તેમાં પંદર જ મહાત્માઓ હતા, પણ તેમના સત્ત્વ અને વીર્યને કારણે એ પરંપરા ચાલી. આજે યતિઓનું નામોનિશાન નથી. આજે હજારો સંવિગ્ન મહાત્માઓ વિચરી રહ્યા છે. તો વેષધારી થોડા ઓછા હોય તો શું ફરક પડે ?

# શાસન અપભ્રાજના

-: શાસનહીલનાના મુખ્ય કારણો :-

- સંયમજીવનના મુખ્ય પાંચ મહાવ્રતોમાં શિથિલતા થાય અને તેનો વર્તમાન પત્ર કે સોશિયલ મીડિયામાં પ્રચાર-પ્રસાર થાય.
- પારિષ્ઠાપનિકાની ઉચિત વ્યવસ્થા કરવામાં ઉપાશ્રય-ટ્રસ્ટીઓની આળસ, ઉચિત વ્યવસ્થાના અભાવે જ્યાં-ત્યાં જવાની પ્રવૃત્તિ.
- સંઘાગ્રણીઓ દ્વારા/સંસ્થાગ્રણીઓ દ્વારા જાહેરમાં રાત્રિભોજન-કંદમૂળાદિ સેવન.
- હિસાબના ગોટાળાના આક્ષેપ-ઉત્તરો જાહેરમાં વર્તમાન પત્ર-સોશિયલ મીડિયા દ્વારા થવા.
- સંઘ-સંસ્થાના હોદ્દેદારો ફક્ત પૈસાના વહીવટ + FD વધારવાની ચિંતા કરે, પણ આરાધકોની આરાધના કેમ વધે તે ન વિચારે.
- આરાધનામાં પડતી અગવડો પ્રત્યે, વૈયાવચ્ચ આદિની જરૂરિયાતો પ્રત્યે અગ્રણીઓ દ્વારા આંખ આડા કાન કરવામાં આવે અને તેનો સોશ્યલ મીડિયા દ્વારા પ્રચાર-પ્રસાર-આક્ષેપ થાય.

આવી બાબતોથી શાસનહીલના થાય છે. યુવાવર્ગ જે હજી ધર્મની સન્મુખ પણ ન થયો હોય તે ધર્મની વિમુખ થાય છે. અનેક જીવો દુર્લભબોધિ બને છે. આવું દશ્ય જોઇને શાસનપ્રેમીઓનું હૈયું વલોવાઇ જાય છે. શાસન આપણી "મા" છે. એની આબરુ લૂંટાય ને આપણે જોયા કરીએ કેમ ચાલે ? આ જ લાગણીથી આ અપીલ કરી છે, કોઇનું મન દુભાયું હોય તો ક્ષમા યાચું છું.

---

અનુ. પાન નં. ૧ ઉપર થી...

ગીતાર્થ નિશ્રાદાતાની અનુજ્ઞાપૂર્વક અતિ વિરાટ શ્રોતાવર્ગને સંબોધતા તદ્દન જૂજ પ્રવચનકારોને બાદ કરીએ તો બાકીના માટે તો આ વસ્તુ ખૂબ જ ગંભીરતાથી વિચારવા જેવી છે. દર્શકોનો તદ્દન નાનો દેખાતો આંક હકીકતમાં જાહેરમાં આપણી શોભાહાનિ કરનાર છે. આ એક મુદ્દો પણ આ બાબતમાં નિયમન લાવવા સમર્થ છે. તે માટે બહુશ્રુત પૂજ્યો સકલ શ્રીસંઘને માર્ગદર્શન આપે એ આજના સમયની તાતી જરૂરિયાત છે.

લી.
જિનશાસનચરણસેવક બાબુલાલ સરેમલ

# -: શ્રુતવિશ્વનું અવનવું :-

**અહોશ્રુતમ્ સ્વાધ્યાય શ્રેણી :-** પૂજ્ય ગુરુભગવંતોને સ્વાધ્યાય માટે ઉપયોગી બહુ જ પ્રચલિત એવા પ્રકરણ ગ્રંથોની ગાથા અને હિન્દી અર્થ સાથેના ૧૪ પુસ્તકોનો સ્વાધ્યાયનો સેટ સંવત ૨૦૭૫માં પ્રકાશિત કરવામાં આવેલ. આ વર્ષે ચાર પુસ્તકો બૃહત્ સંગ્રહણી, લઘુ ક્ષેત્ર સમાસ, બૃહત્ ક્ષેત્ર સમાસ અને યોગશાસ્ત્રની ગાથા અને તેનો હિન્દી અર્થના ચાર પુસ્તકો **શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર** દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. અને બધા જ ગુરુભગવંતો અને જ્ઞાનભંડારોને ભેટ સ્વરૂપે મોકલવામાં આવ્યા છે. ગુજરાતી ભાષા નહીં જાણનાર માટે ખૂબ જ ઉપયોગી આ અઢાર પુસ્તકો પૈકી જે પણ પુસ્તકોની વધારે નકલોની જરૂર હોય તો પત્ર અથવા તો વોટ્સએપ થી સમાચાર મોકલવા વિનંતી છે.

---

**તત્ત્વાર્થ સૂત્ર અભ્યાસ ક્રમ :-** આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરિજી તત્વજ્ઞાન શાળા, અમદાવાદ - સુરત દ્વારા તત્વાર્થ સૂત્ર પરિશીલન નામથી એક વર્ષીય પાઠ્યક્રમનું આયોજન કરેલ છે. આ અભ્યાસક્રમ ગુજરાતી અને હિન્દી બંને ભાષામાં ચાલી રહ્યો છે. આમાં વિદ્યાર્થીએ ઘરે બેઠા અભ્યાસ કરીને દર પંદર દિવસે એક MCQ પેપરના ઓપન બુક જવાબ શોધીને પાઠ્યક્રમની App. માં Submit કરવાના હોય છે. અભ્યાસ માટે પુસ્તક તેમજ વિદ્વાન પંડિતવર્યોના પ્રવચનોની Link પણ ઉપલબ્ધ કરાવાય છે. આ પાઠ્યક્રમ ડહેલાવાળા સમુદાયના પૂ.આ.શ્રી જગચ્ચંદ્રસૂરિજી મ.સા. ના માર્ગદર્શન અનુસાર ચાલે છે. અને નિર્દેશક હિતેષભાઇ સવાણી છે. વિશેષ વિગત માટે Jain Tatvagyanshala - એન્ડ્રોઇડ એપ્લીકેશન અથવા સંપર્ક :- કેયુરભાઇ મો. 9825509331

---

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા.વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org

અહો ! શ્રુતજ્ઞાનમ્

Rs. 1
Ticket